૨,૮૫૬ કરોડની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં મંજૂર

અન્ન વિતરણ વ્યવસ્થા હવે ડિજિટલ બની

ગ્રેઈન એટીએમ અને ડિજિટલ ફૂડ કૂપન શરૂ

મિલેટ્સ ખરીદી પર ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦ બોનસ

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ. ૨,૮૫૬ કરોડની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરવામાં આવી હતી. ચર્ચાનો જવાબ આપતાં મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર 'અંત્યોદય' અને 'ગરીબ કલ્યાણ'ના મંત્ર સાથે છેવાડાના માનવી સુધી અન્ન સુરક્ષા પહોંચાડવા પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું હતું કે રાજ્યમાં અંદાજે ૭૫ લાખ NFSA પરિવારોને અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે રૂ. ૭૦૦.૬૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. ઉપરાંત NFSA કાર્ડધારકોને રાહત દરે તુવેર દાળ અને ચણા આપવા માટે રૂ. ૮૪૧.૬૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૭૫ લાખ પરિવારોને માત્ર રૂ. ૧ પ્રતિ કિલોના દરે ડબલ ફોર્ટિફાઈડ મીઠું આપવા રૂ. ૫૯.૪૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. ખેડૂતોના હિતમાં શ્રીઅન્ન (મિલેટ્સ) ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી પર પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦નું બોનસ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વપૂર્ણ કડી એવા ૧૭ હજારથી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં પણ વધારો કરીને રૂ. ૧૫૦ના બદલે હવે રૂ. ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ ચૂકવવામાં આવશે.અન્ન વિતરણમાં પારદર્શિતા લાવવા ટેક્નોલોજીનો વ્યાપ વધારવામાં આવ્યો છે. દેશમાં પ્રથમવાર CBDC આધારિત ડિજિટલ ફૂડ કૂપનનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થયો છે અને રાજ્યના ૪.૨૩ કરોડ રેશનકાર્ડ સભ્યોનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું છે.નવી પહેલરૂપે તુવેર દાળ, ચણા અને ખાંડનું વિતરણ હવે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકિંગમાં કરવામાં આવશે. ઉપરાંત 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમ દ્વારા લાભાર્થીઓને ૨૪ કલાકમાં માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજ મળવાની સુવિધા શરૂ કરાશે. તેમણે જણાવ્યું હતું કે ગ્રાહકોના હિત માટે 'સજાગ ગ્રાહક, સુરક્ષિત ગુજરાત' અભિયાન અંતર્ગત વિશ્વમાં પ્રથમવાર 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ' તૈયાર કરવામાં આવશે. ઉપરાંત ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં પ્રિ-લિટિગેશન અને સમાધાન કેન્દ્રો સ્થાપવામાં આવશે.આ સિવાય સંગ્રહ ક્ષમતા વધારવા નાબાર્ડની સહાયથી ૪૫ તાલુકાઓમાં ૫૧ નવા ગોડાઉનો બાંધવાની યોજના છે તેમજ જાહેર વિતરણ વ્યવસ્થાના સુદૃઢ અમલ માટે નવા આઈટી સેલની રચના કરવામાં આવશે. આ રીતે ટેક્નોલોજી આધારિત પારદર્શક વ્યવસ્થા અને નવી પહેલો દ્વારા રાજ્ય સરકાર અન્ન સુરક્ષા, ગ્રાહક હિત અને ખેડૂતોના કલ્યાણને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો કરી રહી છે.

માંડવીમાં ટાંકી તૂટવાની ઘટનામાં એજન્સીને ૧.૦૪ કરોડનો દંડ

સુરત જિલ્લાનાં ૩૪ ગામોને પાણી આપવા રૂ.૨૪ કરોડથી વધુ મંજૂર

ગાંધીનગર : રાજ્યમાં છેવાડાના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા છેલ્લા ૨૫ વર્ષમાં ૨૦ હજારથી વધુ પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે સુરત જિલ્લાના ગાય પગલાં સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં ૩૪ ગામોને પાણી પહોંચાડવા માટે રૂ.૨૪ કરોડથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે.

પટેલે જણાવ્યું હતું કે સુરત જિલ્લાના તાડકેશ્વર ગામે હરિયાળ સબ હેડવર્ક્સ ખાતે ૯ લાખ લિટર ક્ષમતાની નવી પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન ધરાશાયી થઈ હતી. આ ટાંકી માટે રૂ.૯૪.૮૪ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા અને એજન્સીને રૂ.૮૩.૪૫ લાખ ચૂકવવામાં આવ્યા હતા. ઘટનાને પગલે રાજ્ય સરકારે એજન્સી પાસેથી રૂ.૧.૦૪ કરોડની રકમ પરત વસૂલ કરી છે તથા એજન્સી સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ ઘટનામાં કસૂરવાર અધિકારીઓને ફરજમાંથી મોકૂફ કરવામાં આવ્યા છે અને સંબંધિત આરોપીઓ હાલ જેલ હવાલે છે. સાથે જ એજન્સીના અન્ય કામોની પણ કડક સ્થળ તપાસ કરવામાં આવી રહી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે વિસ્તારના નાગરિકોને પાણી પુરવઠામાં અડચણ ન આવે તે માટે આ જ સ્થળે તાત્કાલિક નવી પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવશે.

રાજ્યમાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે : ભૂપેન્દ્ર પટેલ

કાળાબજારી રોકવા રાજ્ય-જિલ્લા સ્તરે મોનિટરિંગ કમિટીઓ રચાઈ

ગાંધીનગર : રાજ્યમાં ગેસ સિલિન્ડરની અછત અંગે ઉઠેલી ચર્ચાઓ વચ્ચે રાજ્ય સરકાર હરકતમાં આવી છે. ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી અટકાવવા રાજ્યસ્તરે મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવી છે. પુરવઠા વિભાગના અગ્રસચિવ મોના ખંધારની અધ્યક્ષતામાં આ કમિટી કામ કરશે. સાથે જ રાજ્યના દરેક જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મોનીટરીંગ કમિટીઓ બનાવવામાં આવી છે. આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં ગેસ સિલિન્ડરની કોઈ અછત નથી અને નાગરિકોએ અફવાઓથી દોરાવાની જરૂર નથી. દરેકને સરળતાથી ગેસ ઉપલબ્ધ રહે તે માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. વિધાનસભા ગૃહમાં ઉઠેલા પ્રશ્નના જવાબમાં પુરવઠા મંત્રી રમણ સોલંકીએ જણાવ્યું હતું કે રાજ્યમાં એલપિજી ગેસની સ્થિતિ પર સરકાર સતત નજર રાખી રહી છે. હાલ રાજ્યમાં અંદાજે ૪.૧૬ લાખ ગેસ સિલિન્ડર ઉપલબ્ધ છે અને ગૃહિણીઓ, સંસ્થાઓ તેમજ હોસ્પિટલોને ગેસ સરળતાથી મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રનો ઘેડ વિસ્તાર આખું ચોમાસું ડૂબેલો રહે છે

ખેતરોને સુરક્ષિત કરવા માટે ૧,૪૨૩ કરોડની યોજનાને મંજૂરી

ગાંધીનગર : ખેડૂતો અને ગ્રામજનોના હિતમાં સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ગામ તેમજ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. જેમાં ફેઝ - ૧ ના ૧૭ અને ફેઝ -૨ ના ૧૨ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં માટે ઘેડ વિસ્તારના પાણી નિકાલના અભ્યાસ માટે કન્સલટન્ટ એજન્સી દ્વારા સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એજન્સી દ્વારા રજૂ કરાયેલ પ્રાથમિક અહેવાલ મુજબ ઘેડ વિસ્તારના પાણી નિકાલના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે ગત જાન્યુઆરી- ૨૦૨૫માં રૂ. ૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૫૦.૦૧ કરોડ એમ કુલ અંદાજીત રૂ. ૧૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે.

અમેરિકા જેવી મહાસત્તા પણ ઈરાનમાં સત્તાપલટો કરાવવામાં કેમ નિષ્ફળ પુરવાર થઈ?

ઈરાન સામેનું યુદ્ધ શરૂ કરતી વખતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધાર્યું હતું કે તેઓ વેનેઝુએલાની જેમ ઈરાનમાં પણ સત્તાપલટો કરાવી શકશે, જેને કારણે ચપટી વગાડતાં યુદ્ધનો અંત આવી જશે. યુદ્ધના પહેલા જ દિવસે અમેરિકા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરવામાં સફળ થયું હતું. અમેરિકાની ધારણા હતી કે ખામેનીની હત્યાને પગલે ઈરાનનું વહીવટીતંત્ર ભાંગી પડશે, પ્રજા બળવો કરશે અને તેની કઠપૂતળી જેવી સરકારની તહેરાનમાં સ્થાપના કરી શકાશે, પણ અમેરિકાની ગણતરી ઊંધી વળી ગઈ છે. આયાતોલ્લાહ ખામેનીના મરણ પછી તેમના કરતાં પણ વધુ કટ્ટરતા ધરાવતા તેમના પુત્ર મોજતબા ખામેની સત્તા પર આવ્યા છે અને તેમણે બમણા ઝનૂન સાથે લડાઈ ચાલુ રાખી છે. આ યુદ્ધ દ્વારા ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવાનો અમેરિકાનો ઇરાદો સફળ થયો નથી. તેના બદલે ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા હુમલામાં મધ્ય-પૂર્વમાં આવેલાં અમેરિકાનાં લશ્કરી થાણાંઓને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થયું છે. અમેરિકા પાસે શસ્ત્રોનો જથ્થો ખૂટી જવાની તૈયારીમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધ ખતમ કરવા માગે છે, પણ ઈરાન તેના માટે તૈયાર નથી. ઈરાનના સત્તાતંત્રમાં એવી કઈ તાકાત છે કે અમેરિકા જેવી મહાસત્તા પણ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવી શકતી નથી?

ઈરાનમાં ઇસ્લામિક ક્રાંતિને ચાર દાયકાથી વધુ સમય વીતી ગયો છે. આ સમય દરમિયાન ઈરાનની પાવર સિસ્ટમ એવી રીતે ડિઝાઇન કરવામાં આવી છે કે તે ટકાઉ રહે છે અને તેને સરળતાથી તોડી શકાય તેમ નથી. ઈરાનની રાજાશાહીને દૂર કર્યા પછી ઇસ્લામિક રિપબ્લિકે ધીમે ધીમે એક એવું રાજકીય માળખું બનાવ્યું છે, જે મોટામાં મોટા આંચકાઓનો પણ સામનો કરી શકે છે. તેમાં કડક રીતે નિયંત્રિત સંસ્થાઓ, વૈચારિક તાલીમ, સ્માર્ટ સંકલન અને વિરોધી દળોનું વિભાજન સામેલ છે. ઈરાનનું સત્તાતંત્ર હાઇડ્રા જેવું છે. તમે એક માથું કાપી નાખો છો તો નવું માથું ઊગે છે. ઈરાનમાં એક વ્યક્તિ પર કેન્દ્રિત સરમુખત્યારશાહીને બદલે બહુસરમુખત્યારશાહી છે.

નિષ્ણાતો કહે છે કે ટ્યુનિશિયા, ઇજિપ્ત અને સીરિયા જેવા પ્રદેશના નેતાઓને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા, પણ ઈરાન બાહ્ય આંચકાઓ સામે વધુ સ્થિતિસ્થાપક રહ્યું છે. આનું કારણ તેનું વિચારો આધારિત સુરક્ષા માળખું છે. ઈરાનની સત્તા ધાર્મિક સંસ્થાઓ, સશસ્ત્ર દળો અને અર્થતંત્રના મોટા ભાગો સહિત અનેક કેન્દ્રોમાં વિભાજિત છે. આનાથી એક વ્યક્તિની સરમુખત્યારશાહીની સરખામણીમાં રાજકીય સિસ્ટમને ઉથલાવી નાખવી વધુ મુશ્કેલ બને છે. ઈરાનમાં સત્તા ધરાવતી મુખ્ય સંસ્થાઓમાં ગાર્ડિયન કાઉન્સિલનો સમાવેશ થાય છે, જે કાયદાઓને વીટો કરી શકે છે અને ચૂંટણી માટે ઉમેદવારોની ચકાસણી કરી શકે છે. આનાથી કોઈ પણ એક જૂથ માટે રાજ્ય સામે ગંભીર પડકાર ઊભો કરવાનું વધુ મુશ્કેલ બને છે. ઈરાનને વ્યાપકપણે એક સરમુખત્યારશાહી માનવામાં આવે છે, પરંતુ નાગરિકોને રાષ્ટ્રપતિની ચૂંટણી સહિત કેટલીક ચૂંટણીઓમાં મતદાન કરવાની પ્રતીકાત્મક તક મળે છે. આ પ્રક્રિયા કડક રીતે નિયંત્રિત રહે છે. ઉમેદવારોની ચકાસણી ગાર્ડિયન કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે અને લાયકાતના માપદંડોમાં ઇસ્લામિક રિપબ્લિક પ્રત્યેની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) નિયમિત સેનાની સાથે કામ કરે છે અને ઘણી વાર તેને સિસ્ટમની કરોડરજ્જુ માનવામાં આવે છે. જો રાજકીય સંસ્થાઓ સિસ્ટમનું માળખું બનાવે છે, તો સુરક્ષા દળોને તેની તાકાત માનવામાં આવે છે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ તેની લશ્કરી ભૂમિકા ઉપરાંત એક રાજકીય અને આર્થિક શક્તિ પણ બની ગઈ છે. તેનાં વ્યાપક વ્યાપારિક હિતો છે અને તે બાસીજ લશ્કર નામના એક સ્વયંસેવક અર્ધલશ્કરી દળ દ્વારા પોતાનો પ્રભાવ પાડે છે. નોંધપાત્ર રીતે, વારંવાર અશાંતિ છતાં સુરક્ષા દળો એક થયાં છે. આનું કારણ વૈચારિક વફાદારી છે. શહાદતની આ સંસ્કૃતિ, જે શિયા સમુદાય અને હમાસ અને હિઝબુલ્લાહ જેવાં સંગઠનોમાં દેખાય છે, તેને લગભગ કામનો એક ભાગ માનવામાં આવે છે.

ઈરાનના નાયબ સંરક્ષણ પ્રધાન રેઝા તલૈનિકે તાજેતરના એક ટી.વી. ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે દરેક IRGC કમાન્ડર પાસે ત્રણ સ્તરે એક-એક અનુગામી હોય છે, જેથી જો એક કમાન્ડર માર્યો જાય તો તેનું સ્થાન લેવા ત્રણ ઉત્તરાધિકારી તૈયાર હોય છે. તેવી જ રીતે રાજકીય નેતાગીરીનું છે. જો એક ટોચનો નેતા માર્યો જાય તો તેનું સ્થાન લેવા માટે ત્રણ વારસદારો તૈયાર કરવામાં આવે છે. તેથી ખાતરી કરી શકાય છે કે રાજકીય સિસ્ટમ કાર્યરત રહેશે. જો ઈરાનની રાજકીય સિસ્ટમ ટકી રહેશે તો ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની જશે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ રાજકીય સિસ્ટમને એક તાંતણે બાંધી રાખવાનું કામ કરે છે.

ઈરાનના અર્થતંત્રનો મોટો હિસ્સો રાજ્ય સાથે જોડાયેલાં સંગઠનો દ્વારા નિયંત્રિત છે, જેમાં બોન્યાદનો પણ સમાવેશ થાય છે. આ સંગઠન ચેરિટી ટ્રસ્ટ છે, જે સમય જતાં અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં હજારો કંપનીઓનું માલિક બન્યું છે. આ નેટવર્ક શાસન પ્રત્યે વફાદાર જૂથોને નોકરીઓ અને કરારોનું વિતરણ કરે છે. IRGCનું વ્યાપાર સામ્રાજ્ય, જેમાં ખાતમ અલ-અંબિયા સમૂહનો સમાવેશ થાય છે, તે વેપારની આ આશ્રયદાતા પ્રણાલીને વધુ મજબૂત બનાવે છે. નિષ્ણાતો કહે છે કે પશ્ચિમી પ્રતિબંધોએ ઈરાનની વ્યાપક અર્થવ્યવસ્થાને નોંધપાત્ર રીતે નુકસાન પહોંચાડ્યું છે, પરંતુ બોન્યાદ નેટવર્ક મુખ્ય ઉચ્ચ વર્ગનું રક્ષણ કરે છે અને શાસનના અસ્તિત્વમાં તેમનાં હિતોનું રક્ષણ કરે છે. આ સિસ્ટમ એટલી મજબૂત છે કે તેમાં લગભગ કોઈ પક્ષપલટો જોવા મળતો નથી. ઈરાનનાં સંરક્ષણનું તંત્ર ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના હાથમાં છે, રાજકીય તંત્ર રાષ્ટ્રપતિના હાથમાં છે, તેમ આર્થિક તંત્ર બોન્યાદ નામના ચેરિટી ટ્રસ્ટના હાથમાં છે. આ ત્રણેય તંત્રોને વિકેન્દ્રિત રાખવામાં આવ્યાં છે. ઈરાનના ૩૯ પ્રાંતોમાં તેનું વિભાજન કરવામાં આવ્યું છે. દરેક પ્રાંતનું તંત્ર સ્વાયત્ત છે. આ કારણે તેના પર હુમલો કરવાનું કામ કઠણ પુરવાર થાય છે.

ઈરાનની સત્તાનું ચોથું પણ સૌથી મહત્ત્વનું કેન્દ્રબિંદુ ધાર્મિક વિચારધારા અને ધર્મગુરુઓ છે. ઈરાનના શાસનનો પાયો જ ધર્મ છે. ધર્મ પણ સત્તા જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈરાનમાં ઇસ્લામિક ક્રાંતિ પછી ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક સંસ્થાઓનું એક મજબૂત નેટવર્ક રચાયું છે, જે હજુ પણ સરકારની વિચારસરણીને પ્રભાવિત કરે છે. તે ખૂબ જ જૂનું અને ખૂબ જ શક્તિશાળી વૈચારિક, અમલદારશાહી અને વહીવટી માળખું છે, જે સિસ્ટમને મજબૂત બનાવે છે. આ ધાર્મિક વિચારધારા ઈરાનની એકતાનો વાસ્તવિક પાયો બને છે. ઐતિહાસિક રીતે ઈરાનનો વિરોધ પક્ષ વિભાજિત રહ્યો છે. તેમાં સુધારાવાદી, રાજાશાહી તરફી, ડાબેરી જૂથો, રાષ્ટ્રીય પ્રતિકાર પરિષદ જેવી વિદેશી ચળવળો અને અનેક આદિવાસી સંગઠનોનો સમાવેશ થાય છે. ઇસ્લામિક ક્રાંતિ પછી રાજકીય પક્ષો બનાવવાની ચર્ચા બાજુ પર રાખવામાં આવી હતી. ઈરાનમાં મધ્યવાદી જૂથોને કટ્ટરપંથી જૂથો દ્વારા હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યાં છે, બદનામ કરવામાં આવ્યાં છે અથવા કેદ કરવામાં આવ્યાં છે. તાજેતરનાં વર્ષોમાં ઈરાનની રાજકીય સિસ્ટમ સામે ઘણાં મોટાં વિરોધ પ્રદર્શનો થયાં છે, જેમ કે ૨૦૦૯ની ગ્રીન મૂવમેન્ટ અને ૨૦૨૨માં મહસા અમીનીના મૃત્યુ પછી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો. આ વિરોધ પ્રદર્શનોમાં કેન્દ્રીય નેતૃત્વનો અભાવ હતો અને તેમને રાજ્યના ગંભીર દમનનો સામનો કરવો પડ્યો હતો. વર્તમાન શાસન તમામ વિરોધને કડક હાથે ડામી દેવામાં સફળ થયું જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઈરાનનું સત્તાતંત્ર હાઇડ્રા જેવું છે. તમે એક માથું કાપી નાખો છો તો નવું માથું ઊગે છે. ઈરાનમાં એક વ્યક્તિ પર કેન્દ્રિત સરમુખત્યારશાહીને બદલે બહુસરમુખત્યારશાહી છે

BUSINESS મિત્ર

સતત ત્રીજા દિવસે લાલ- સેન્સેક્સ 1470 પોઈન્ટ તૂટ્યો; ક્રૂડ તેલ $100ને પાર પહોંચતા બજારમાં ભારે ગભરાટ

શેરબજારમાં 'બ્લેક ફ્રાઈડે': રોકાણકારોના 10 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 13: મીડલ ઈસ્ટનો તણાવ ચાલુ રહેતા સતત ત્રીજા દિવસે ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો હતો. વૈશ્વિક નકારાત્મક સંકેતોની પાછળ વૈશ્વિક બજારો લાલ નિશાનમાં રહ્યા હતા. વિદેશી રોકાણકારોની સતત વેચવાલી, ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો અને મીડલ ઈસ્ટમાં સંઘર્ષ 14માં દિવસે પ્રવેશ્યો છે, જે બંધ થવાનું નામ લેતો નથી. જેના લીધે બજારનું સેન્ટિમેન્ટ વધુને વધુ ખરાબ થતું જાય છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી ક્રુડ જહાજ પસાર નહીં થવા દેવાની ઈરાનની ધમકીથી ક્રુડના ભાવો ફરીથી 100 ડોલર પર પહોંચી ગયા છે. જો આ સ્થિતિ લાંબી ચાલશે તો ક્રુડના ભાવોમાં ઝડપી ઉછાળો આવી શકે છે.

ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે કડાકો બોલાતા નિફ્ટી 23200 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી, જ્યારે સેન્સેક્સમાં દિવસ દરમ્યાન 1500 પોઈન્ટની વધઘટ જોવા મળી હતી. જેમાં પીએસયુ બેન્ક, મેટલ અને ઓટો શેરોમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો, અને તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આ સપ્તાહનો વાર્ષિક સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. જ્યારે બ્રોડર માર્કેટમાં પણ અઢી ટકાનો કડાકો બોલાયો હતો.

આ ઘટાડાના લીધે રોકાણકારોની સંપત્તિમાં વધુ મોટું ધોવાણ થયું હતું. આજે વધુ 10 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે અને બીએસઈની લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. 430.18 લાખ કરોડનું થઈ ગયું છે.

બીએસઈ સેન્સેક્સ 1470.50 પોઈન્ટ એટલે કે 193 ટકા તૂટીને 74563.92 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75576 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જે નીચામાં 74454 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 488.05 પોઈન્ટ એટલે કે 2.06 ટકા તૂટીને 23200 પોઈન્ટની સપાટી તોડીને 23151.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23492 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23112 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1343.10 પોઈન્ટ એટલે કે 2.44 ટકા તૂટીને 53737.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે સીસીએલ પ્રોડકટસમાં 16.27 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 10.32 ગણા, એકમે સોલારમાં 8.79 ગણા, બાલકૃષ્ણ ઈન્ડ.માં 6.99 ગણા અને અંબી રિયલ એસ્ટેટમાં 6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એલ એન્ડ ટી ટેકનોમાં 28.71 ગણા, એકમે સોલારમાં 24.2 ગણા, આઈએફસીઆઈમાં 14.51 ગણા, નવા બુપા હેલ્થમાં 14.36 ગણા અને સીન્જીન ઈન્ટરનેશનલમાં 11.28 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.61 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આજે લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં વધુ ખરાબ પ્રદર્શન રહ્યું હતું. માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 954 શેરો વધ્યા હતા, જ્યારે 3334 શેરો ઘટ્યા હતા અને 146 શેરો યથાવત રહ્યા હતા.

શેરબજારમાં સૌથી વધુ મેટલ શેરોમાં ધોવાણ જોવા મળ્યું હતું. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 4.82 ટકા તૂટયા હતા. જેમાં જિન્દાલ સ્ટીલ, હિન્દાલ્કો, હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, વેલસ્પન કોર્પ, જિન્દાલ સ્ટેનલેસ, નેલ્કો, લોઈડ મેટલ, ટાટા સ્ટીલ અને જેએસડબલ્યુ સ્ટીલ તૂટયા હતા.

વૈશ્વિક સ્તરે મીડલ ઈસ્ટના તણાવની અસર ચાલુ રહેવા પામી હતી. જેમાં ઈરાને હોર્મુઝ સામુદ્રધુનિ પરથી જહાજો પસાર થવા દેશે નહીં, જેના પરિણામે ક્રુડ અને ગેસની સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ઉર્જા પુરવઠાની વધતી જતી અછતથી સમગ્ર વિશ્વ ચિંતાતૂર હોવાથી વૈશ્વિક બજારોમાં વેચવાલી હાવી રહી હતી. જો આ સ્થિતિ થોડોક વધુ સમય ચાલુ રહેશે તો વૈશ્વિક આર્થિક મંદીની આશંકાને ઉત્તેજિત કરે છે.

ઈરાનના નવા સુપ્રીમ વડા મોજતાબા ખામેનીએ કહ્યું કે, વૈશ્વિક ક્રુડ વેપાર માટે મહત્વપુર્ણ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે અને આ સંઘર્ષ ચાલુ રહશે તો તેહરાન યુદ્ધમાં અન્ય મોરચો ખોલી શકે છે. જેથી ટુંકાગાળામાં ક્રુડના ભાવો વધવાની સંભાવના નકારી શકાતી નથી.

રૂપિયો 92.45ની ઐતિહાસિક નીચી સપાટીએ

અમદાવાદ, તા. 13: પુર્વ મધ્યના તણાવ ચાલુ રહેતા અને ઉંચા ફુગાવાની દહેશતે શેરબજાર તૂટયું છે. હોર્મુઝ સ્ટ્રેટના તણાવથી ક્રુડની સ્થિતિ વધુ ગંભીર બનતા વૈશ્વિક આર્થિક મંદીના ઓછાયા શરૂ થઇ શકે છે, જેના લીધે રૂપિયામાં નબળાઇ આગળ વધતી જોવા મળી હતી. જે આજે ઐતહાસિક નીચી સપાટીએ પહોંચી ગઇ હતી. ડોલરની સામે રૂપિયો 25 પૈસા ઘટીને 92.45ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.20ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુર 106.26, પાઉન્ડ 123.26, કેનેડિયન ડોલર 67.48, ઓસ્ટ્રેલિયન ડોલર 64.71, જાપાનીઝ યેન 0.5801 અને સીંગાપોર ડોલર 72.22ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	92.45 રૂ.
યુરો	106.26 રૂ.
પાઉન્ડ	123.26 રૂ.
યેન	0.5801 રૂ.

સેન્સેક્સ	-1470.50	74563.90
નિફ્ટી	-488.05	23151.10
બેન્ક નિફ્ટી	-1343.10	53757.85

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા કન્ઝ્યુમર	2.44	1083.60
એચયુએલ	1.08	2160.00
ભારતી એરટેલ	0.12	1803.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	7.54	3239.00
હિન્દાલ્કો	6.16	910.05
ટાટા સ્ટીલ	5.15	183.51
જેએસડબલ્યુ સ્ટીલ	4.55	1119.30
અલ્ટ્રાટેક સિમેન્ટ	4.27	10616.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	1.18	2160.55
ભારતી એરટેલ	0.33	1806.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	7.52	3440.95
ટાટા સ્ટીલ	5.20	183.40
એસબીઆઇ	3.55	1046.80
મારૂતિ સુઝુકી	3.12	12610.00
બીઇએલ	3.12	439.60

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

**પ્રફુલ/